# ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૧ ની કલમ-૧૪૪ હેઠળ.

નં.એમએજી/વશી-૧૮૫૦૬૦/૨૦૧૨
તા.૧૫/૦૬/૨૦૧૨

રાજય/જીલ્લામાં બનતા ગુન્હાઓમાં બજારમાં મોબાઇલ ફોનનાં સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરેદનાર વ્યકિતની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજના આધારે પણ સીમકાર્ડ મેળવે છે. સ્થાનિક STD/PCO ઉપરથી બનાવટી કોઇ (FAKE CALL) ધ્વારા ધમકી આપવા, ખંડણી માંગવાના, અપ શબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના, ખોટી માહિતી આપવાના વગેરે કિસ્સાઓ વધવા પામેલ છે. જેથી આવા કિસ્સા અટકાવવા તથા ગુન્હેગારોને પકડવામાં સરળતા રહે તે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે અને તેવો મારો અભિપ્રાય થાય છે.

તેથી હું પી.કે.સોલંકી આઇ.એ.એસ.જીલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) ડાંગ જીલ્લામાં આવેલ તમામ STD/PCO ડીસ્ટ્રીબ્યુટર/રીટેઇલર વિક્રેતા ધ્વારા મોબાઇલના સીમકાર્ડ વેચતી વખતે ખરીદનાર વ્યકિનું માન્ય ખોળખપત્ર તથા રહેઠાણના પુરાવા વગેરે દસ્તાવેજો ચકાસવામાં આવે છે કે કેમ? તે બાબતે અવાર-નવાર DCB/SOG/LCB ધ્વારા ચકાસવા અને ગેર કાયદેસર જણાયે તેઓ વિરૂધ્ધ કાયદેસરના પગલાં ભરવા જણાવવામાં આવે છે.

(૨) શહેર/જીલ્લા કક્ષાએ કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર તમામ STD/PCO ધારકોએ કોલરની આઇડેન્ટીટી ચકાસવા તેમજ કોલ ડીટેઇલરના નામ,સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા જણાવવામાં આવે છે.

આ હુકમ તે કર્યાની તારીખથી ૬(છ)મહિના સુધી અમલમાં રહેશે

સહી/-
(પી.કે.સોલંકી)
જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ
આહવા